વડસર ગાંધીનગર સ્થિત મધર ટેરેસા વર્લ્ડ સ્કુલ ના શિક્ષકો અને આચાર્ય રાજીબેન ભેગા થયા અને રંગોળી બનાવી રક્ષાબંધન પર્વ ની ઉજવણી કરવામાં આવી હતી હવે કોરોના ગયા પછી બાળકો નો ઉત્સાહ વધારવા આવી રીતે સ્કુલ ના કમ્પાઉન્ડમાં જ રંગોળી બનાવવામાં આવી હતી.

ચિલોડા ખાતે હોમગાર્ડ સભ્ય સ્વ. કેતન રાવલના પરિવારને આર્થિક સહાયના ચેક એનાયત કરાયા

ચિલોડા, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટાના વતની અને ચિલોડા સબ હોમગાર્ડ યુનિટમાં સેવા બજાવતા હોમગાર્ડ જવાન સ્વ. કેતન કાન્તીભાઈ રાવળનું બિમારીના કારણે દુઃખદ અવસાન થયુ હતુ. સ્વ. કેતનભાઈ રાવળના વારસદાર તરીકે ગંગા સ્વરૂપ અને ધર્મપત્ની હેતલબેન કે. રાવળને સરકારશ્રી તરફથી રૂ. ૧,૫૫,૦૦૦ તેમજ અન્ય રૂ. ૨૫૦૦નો ચેક શ્રી

ગાંધીનગર જિલ્લા કમાન્ડન્ટ વિષ્ણુભાઈ આર. પ્રજાપતિ તથા ચિલોડા સબ હોમગાર્ડ યુનિટના ઓફિસર બી.એમ. રાઠોડના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. અગાઉ ચિલોડા સબ હોમગાર્ડ યુનિટના જવાનોએ યથાશક્તિ પ્રમાણે આર્થિક સહાયતા પુરી પાડી યોગદાન કર્યુ હતુ. આ પ્રસંગે કે.કે. પરમાર અને એ.એ. પટેલ તથા ચિલોડા યુનિટના હોમગાર્ડ જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ આજે નોંધાયો નથી.
- રાજ્યના પૂર્વ રાજ્ય ગૃહમંત્રી પ્રબોધકાન્ત પંડ્યાનું દુઃખદ અવસાન થયુ છે.
- આજે રક્ષાબંધન હોવાથી મિઠાઈની દુકાનો પર સવારના સમયે સારી ઘરાકી જોવા મળી હતી.
- રાજ્ય ચૂટંણી પંચે બહુજન સુરક્ષાદળને અમાન્ય પાર્ટી તરીકે નોંધણી કરી તેને ''સ્ટેથોકોપ''નું ચૂંટણી ચિહ્ન ફાળવ્યુ છે.
- ગાંધીનગર જિલ્લાને સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટ પેટે રૂ. નવ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- જિલ્લાના ૨૬ ગામમાં ગૌચર જ નથી તો ૨૬૩ ગામોમાં જરૂરિયાત કરતાં ઓછુ ગૌચર છે.
- ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી આરોગ્ય યોજનાના કાર્ડ ૨,૭૫,૭૩૬ની સામે ૧,૫૬,૨૬૦ને આપવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરના વિવિધ સખીમંડળની ૧૦ બહેનોએ આજે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રાખડી બાંધી રક્ષાબંધન પર્વ મનાવ્યુ હતુ.
- જિલ્લામાં ભાજપ-કોંગ્રેસના બે યુવા નેતાઓનો કપિરાજ પ્રત્યેનો પ્રેમ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. કોંગ્રેસના ડો. હિમાંશુ પટેલ અને ભાજપના ડો. હિતેન્દ્ર પટેલ કપિરાજોને બિસ્કીટ ખવડાવતા ફોટા સોશ્યલ મિડિયામાં વાયરલ થયા છે.

ગાંધીનગરમાં હાલમાં રોડ-રસ્તા બનાવવાનું કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે, પરંતુ તેના કારણે દિશાસૂચક બોર્ડ ઘણા સ્થળોએ પડી ગયા છે. સેક્ટર-૨૪ સરકારી શાળા પાસે અને સેક્ટર-૨૧ મસ્જિદ પાસે લગાવાયેલા વિવિધ બોર્ડ પડી ગયેલા જોવા મળે છે.

મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમમાં વર્લ્ડ સિનિયર સિટીઝન ડે નિમિત્તે સેવાકેમ્પ યોજાયો

ચિલોડા, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના મગોડી ગામે રાહેલબા વૃધ્ધાશ્રમમાં વર્લ્ડ સિનિયર સિટિઝન ડે નિમિત્તે એપોલો ફાઉન્ડેશન અને એપોલો હોસ્પિટલ ગુજરાત દ્વારા સુંદર સેવાકીય સેવાકાર્યનો કેમ્પ યોજવામાં આવ્યો. જેમાં રેન્ડમ બ્લડ સુગર, બ્લડપ્રેશર, શારીરિક વજનની તપાસ અને દરેક લાભાર્થીની વ્યક્તિગત તપાસ કરી જરૂરી યોગ્ય સૂચનાઓ આપી નિઃશુલ્ક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઉત્તમ સેવાયજ્ઞમાં એપોલો હોસ્પિટલથી ડૉ. નિપુલ કાપડિયા, ડૉ. વલય પટેલ મેડીકલ સ્ટાફ તરફથી ગીતા મકવાણા, રિદ્ધિ પટેલ તથા એપોલો ફાઉન્ડેશન તરફથી ભાવિન રાણા તેમજ સી.એસ.આર. ટીમ તરફથી કામિલ વાઘેલાએ સુંદર પ્રસંશનીય સેવાકીય યોગદાન કરી સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ હતુ. એપોલો પ્રોજેક્ટ દ્વારા દર મહિને રાહેલબા વૃધ્ધાશ્રમને નિઃશુલ્ક દવાઓ વિતરણ કરવાની નેમ લીધી હતી.

સંસ્થા તરફથી સંસ્થાના ઉપપ્રમુખ યશવંતસિંહ ઝાલા અને પ્રમુખ નિર્મલાબેન દ્વારા દરેક મહેમાનોનું સ્વાગત કરી આભાર માન્યો હતો.

શહેરની સ્વીટમાર્ટની દુકાનોમાં ખરીદી માટે ભારે ભીડ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરની સ્વીટમાર્ટની દુકાનોમાં છેલ્લા ઘણા સમયથી નહીવત ઘરાકી રહે છે. કોરોનાને પગલે દરેક રોજગાર ધંધા મંદ પડી ગયા છે. ત્યારે રક્ષાબંધનના પવિત્ર તહેવારને પગલે શહેરની સ્વીટમાર્ટની દુકાનોમાં બે દિવસ ખરીદી માટે ભારે ભીડ જોવા મળી હતી. રક્ષાબંધનના દિવસે પોતાના ભાઈને રાખડી બાંધી મો મીંઠુ કરાવવા માટે બહેનો વિવિધ મીઠાઈઓ તેમજ ઘેંડાની ખરીદી કરતી જોવા મળી હતી. તે ઉપરાંત ગરમાગરમ નાસ્તાની પણ બોલબાલા રહી હતી. જેમાં કચોરી, સમોસા, ફાફડા, જલેબી, ગાંઠીયા, ગોટા, ખમણ લેવા માટે નાગરીકો લાઈનમાં ઉભા રહેલા જોવા મળ્યા હતા.

રક્ષાબંધનના પવિત્ર પર્વએ બહેનોએ રાખડી બાંધી મુખ્યમંત્રીને શુભકામના પાઠવી

ગાંધીનગર, તા. ૨૨

રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે બહેનોએ ગાંધીનગર

ખાતે મુખ્યમંત્રીના નિવાસસ્થાને ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રાખડી બાંધી. આ અવસરે મુખ્યમંત્રીએ પ્રતિભાવ આપતા કહ્યું કે ''ગુજરાતની સેવા માટે બહેનોના આશિર્વાદ પ્રાપ્ત થતાં હું ધન્યતા અનુભવું છું.''

મુખ્યમંત્રીએ આ પર્વની પૂર્વભૂમિકા આપતા કહ્યું કે ભાઈ-બહેનના પવિત્ર સંબંધના આ પર્વ એ બહેનો પોતાના ભાઈને રાખડી બાંધી તેની રક્ષા અને પ્રગતિની કામના કરે છે.

શિક્ષણ રાજયમંત્રી વિભાવરીબેન દવેના નેતૃત્વમાં મોટી સંખ્યામાં બહેનો મુખ્યમંત્રીના નિવાસસ્થાને રાખડી બાંધવા પહોંચી તે શુભ અવસરે મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના શાસનકાળમાં ભારતીય તહેવારોની જન સહયોગથી ઉજવણીની પરંપરાનો શુભારંભ કર્યો હતો, જે આજે પણ જારી છે.

મુખ્યમંત્રીએ આ અવસરે ગુજરાતમાં થયેલા વરસાદનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, આ પાવન પર્વએ પ્રભુપ્રસાદ તરીકે થયેલા અમીછાંટણા ખેડૂતો અને મૂંગા પશુઓ-પક્ષીઓને પણ રાહત આપશે.

આ પાવન પર્વએ મંત્રી વિભાવરીબહેન દવેએ મુખ્યમંત્રીને રાખડી બાંધી શુભકામના વ્યક્ત કરી હતી.

બોરીજ ગામમાં પીવાના પાણીની સમસ્યા હવે ઉકેલાશે

બોરીજના મૂળગામ અને વણઝારાવાસમાં પાઈપલાઈન નાંખવાનું કામ શરૂ કરાયું

ગાંધીનગર તા. ૨૨

ગાંધીનગરના બોરીજ જૈન

દેરાસર નજીક વણઝારા વાસ સહિત મૂળ ગામના ઘણા મહોલ્લામાં પીવાના પાણીની સમસ્યા ઘણા લાંબા સમયથી સતાવી રહી હતી. આ વિસ્તારની ભૌગોલિક સ્થિતિને કારણે મશીનરી દ્વારા ખોદકામ શક્ય બને તેવી પરિસ્થિતી નહોતી જેના કારણે આ સમસ્યાનો ઉકેલ આવતો નહોતો. સ્થાનિક વસાહતીઓને પડી રહેલી મુશ્કેલી અંગે વારંવારની રજુઆતો પગલે વોર્ડ નં.૪ના ભાજપના વોર્ડ પ્રમુખ અશ્વિનસિંહ બિહોલા અને ઉમેદવાર ભરતભાઈ દીક્ષિત તથા કાર્યકર્તાઓ દ્વારા પાટનગર યોજના ભવનના સંબંધિત ડિવિઝનના અધિકારીઓ સાથે સતત સંકલન અને પરામર્શ કરવામાં આવ્યો હતો. છેવટે સ્થાનિક વસાહતીઓ સાથે સંકલન કરીનેખોદકામ કરી પાણીની પાઈપલાઈનો નાખવાનું કામ તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવ્યું છે જેની શરુઆત બોરીજ જૈન દેરાસર પાસેના વણઝારા વાસ ખાતેથી કરવામાં આવી છે. પાણીની નવી પાઈપલાઈન નાખવાનું કામ શરૂ થતાં વર્ષો જૂની પીવાના પાણીની સમસ્યા ઉકેલાશે તેવું પ્રતિત થતાં સ્થાનિક રહીશોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ પ્રસંગે ભાજપના વોર્ડ પ્રમુખ તથા ઉમેદવાર અને કાર્યકર્તાઓએ પાટનગર યોજના ડિવિઝનના અધિકારીઓ તથા સ્થાનિક સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

રક્ષાબંધનને પગલે સાંજે શહેરને જોડતા માર્ગો પર ટ્રાફીકમાં ધસારો

ગાંધીનગર તા. ૨૨

આજે ગાંધીનગર શહેર તથા જિલ્લામાં ભાઈબહેનના પ્રેમનો પવિત્ર તહેવાર રક્ષાબંધન ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવાયો હતો. રક્ષાબંધનના તહેવારના પગલે બપોર પછી ગાંધીનગરને જોડતા હાઈવે પર વાહન વ્યવહારમાં વધારો જોવા મળ્યો હતો અને કેટલેક ઠેકાણે નાના-મોટા ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાઇ હતી.

ગત વર્ષે કોરોનાને પગલે રક્ષાબંધનનો તહેવાર નાગરિકોએ ચિંતા અને ડર સાથે ઉજવ્યો હતો પરંતુ આ વર્ષે હાલ મહામારીની સ્થિતિમાં ગાંધીનગર સહિત રાજ્યમાં ઘણી રાહત હોવાને કારણે હિન્દુ પરિવારોમાં રક્ષાબંધનનો તહેવાર ખુબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો અને ફરી એકવાર પારિવારિક માહોલ સાથે સૌએ આ તહેવારનો આનંદ માણ્યો હતો. જોકે આ વર્ષે અનેક પરિવારોમાં કોરોના મહામારીમાં બીજી લહેર દરમ્યાન થયેલા મરણપ્રસંગોને પગલે શોકની કાલિમા પણ અનુભવાઈ હતી. આજે વહેલી સવારથી જ બહેનોએ પોતાના ભાઈઓને રાખડી બાંધવા માટે પિયર તરફની વાટ પકડી હતી. હજુપણ કોરોના મહામારીના સંક્રમણનો ડર હોવાને કારણે મોટા ભાગના પરીવારોએ પોતાના નાના-મોટા ખાનગી વાહનોથી જ અવરજવર કરવાનું વધુ મુનાસિબ માન્યું હોવાથી શહેરને આસપાસના ગ્રામ્ય વિસ્તારને જોડતા માર્ગો પર વાહન વ્યવહારમાં વધારો જોવા મળ્યો હતો. બપોર પછી સાંજના સમયે સ્વાભાવિક રીતે જ એક જ સમયગાળામાં ઘરે પરત ફરતાં વાહનોને કારણે શહેરને જોડતા હાઈવે સહિતના મુખ્ય માર્ગો પર ટ્રાફિકનો ધસારો જોવા મળ્યો હતો. સરખેજ-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર કોબા માર્ગ ગાંધીનગર ચિલોડા નેશનલ હાઈવે તેમજ ગાંધીનગર માણસા માર્ગ પર સાંજના સમયે વાહનોની સંખ્યા વધી જતાં મુખ્ય જંક્શનો પર નાનામોટા ટ્રાફિકજામની સ્થિતિ જોવા મળી હતી જેમાં ચિલોડા જંક્શન, રક્ષાશક્તિ સર્કલ, ઘ-૦ ઈન્ફોસિટી સર્કલ, સરગાસણ ચાર રસ્તા, રિલાયન્સ ચાર રસ્તા અને રાંધેજા ચોકડી સહિતના ગાંધીનગર શહેરની આસપાસના મુખ્ય જંક્શનો સહિત શહેરની અંદર ઘ-૩ એસટી ડેપો સર્કલ, ચ-૦ સર્કલ, ઘ-૫ સર્કલ, ઘ-૬ સર્કલ, પ્રેસ સર્કલ, સે.૨૪ ચાર રસ્તા, ઘ-૨ અને ગ-૨ ઉપરાંત ખ-રોડ અને ક-રોડ પર પણ ટ્રાફિકમાં ધસારો જોવા મળ્યો હતો. સાંજના સમયે અનેક પરિવારો તહેવારોની રજાને કારણે બહાર ફરવા નીકળ્યા હોય તેવી સ્થિતિ પણ જોવા મળી હતી જેના કારણે પણ ટ્રાફિકમાં વધારો થવા પામ્યો હતો.

સહજાનંદ સ્કુલ ઓફ એચિવરના વિદ્યાર્થીઓ ગુજકેટમાં ઝળકયા

ગાંધીનગર તા ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૧ માં લેવાયેલી ગુજકેટની પરીક્ષાનુ પરિણામ જાહેર કરાયુ છે. જયારે ગુજકેટની પરીક્ષામાં ગાંધીનગરમાં સરગાસણ સ્થિત સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના વિદ્યાર્થીઓ ઝળકયા છે. સહજાનંદ સ્કુલના ૩૨ વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ૧૦૦ થી વધુ ગુણ પ્રાપ્ત કર્યા છે. જયારે ૯૦ થી વધુ ગુણ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૫ છે. કોરોના કાળની કપરી સ્થિતિમાં વિચલિત થયા વિના મહેનત કરી વિદ્યાર્થીઓએ તેજસ્વી પરિણામ મેળવતા સહજાનંદ સ્કુલના વિષય તજજ્ઞો જીજ્ઞેશ પટેલ , રોહીત રાવલ તેમજ શાળાના આચાર્ય સહીતના સ્ટાફે પણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી

યુવરાજ વિષ્ણુકુમાર ચૌધરી	૧૧૫.૨૫
હેત ભરતકુમાર પટેલ	૧૧૫
સુમિત મુકેશકુમાર પટેલ	૧૧૩.૭૫
આર્જવ મિતેશકુમાર ગાંધી	૧૧૧.૨૫
આયુશી ધર્મેન્દ્રકુમાર પટેલ	૧૧૧.૨૫
પ્રેમ હેમંતભાઈ ગાંધી	૧૧૦.૫૦
હેમાંગિની ગુણવંતભાઈ સોલંકી	૧૦૯.૨૫
આયુષી રાજેશકુમાર હરિદાની	૧૦૯
કૌશલ અલ્પેશભાઈ પ્રજાપતિ	૧૦૮.૭૫
દિયા વિનોદભાઈ પ્રજાપતિ	૧૦૮.૨૫

શેર ઇન્ડિયા સિક્યોરિટીઝ લીમીટેડ
CIN: L67120GJ1994PLC115132
રજીસ્ટર્ડ ઓફીસ : યુનિટ નં. ૬૦૪-એ, ૬૦૪-બી, ૬૦૫-એ, ૬૦૫-બી, છઠ્ઠી માળ, ટાવર-એ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, મિફ્ટ સિટી, જ્યોર્ડ-૫૬ ગોન-૫, રોડ ૫૬, મિફ્ટ સિટી ગાંધીનગર, ગુજરાત-૩૮૨૩૫૫
ફોન: +૯૧-૧૨૦-૪૯૧૦૦૦; વેબસાઇટ: www.shareindia.com ઇમેઇલ: vikas_cs@shareindia.com

૨૭મી વાર્ષિક સામાન્ય સભા અંગેની માહિતી સભ્યોને જાહેર નોટીસ

આથી નોટિસ આપવામાં આવે છે કે શેર ઇન્ડિયા સિક્યોરીટીઝ લીમીટેડ ("કંપની")ની ૨૭ મી વાર્ષિક સામાન્ય સભા ("એજીએમ") કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જારી કરાયેલા તારીખ ૦૮ એપ્રિલ, ૨૦૨૦ના સામાન્ય પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦, તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૦ના સામાન્ય પરિપત્ર નં. ૧૭/૨૦૨૦, તારીખ ૫ મે, ૨૦૨૦ના સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ અને તારીખ ૧૩ મી જાન્યુઆરી, ૨૦૨૧ના સામાન્ય પરિપત્ર નં. ૦૨/૨૦૨૧ ("MCA" પરિપત્રો) અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરાયેલા તારીખ ૧૨ મે, ૨૦૨૦ ના પરિપત્ર નંબર સેબી/એચઓ/સીએફડી/સીએમડી૧/ સીઆઇઆર/પી/૨૦૨૦/૭૯ અને તારીખ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૧ના પરિપત્ર નં. સેબી/એચઓ/સીએફડી/ સીએમડી૨/સીઆઇઆર/પી/૨૦૨૧/૧૧ ("SEBI પરિપત્ર")ના અનુપાલનમાં કથિત એજીએમ બોલાવવાની નોટિસમાં જણાવ્યા મુજબ વીડિયો કોન્ફરન્સિંગ ("VC") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ મીન્સ ("OAVM") ની સુવિધા દ્વારા વ્યવસાયોની લેવડ દેવડ કરવા માટે, **બુધવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ સાંજે ૪.૩૦ વાગ્યે** રાખવાનું નિર્ધારિત છે.
એમસીએ અને સેબીના પરિપત્રોને અનુરૂપ, વાર્ષિક અહેવાલ ૨૦૨૦-૨૧ સાથે ૨૭ મી એજીએમની નોટિસ ફક્ત તે સભ્યોને ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા મોકલવામાં આવી રહી છે જેમના ઇ-મેઇલ સરનામાં કંપની/ ડિપોઝિટરીઝમાં નોંધાયેલા છે. તેથી, જે સભ્યોએ તેમના ઈ-મેલ એડ્રેસ રજીસ્ટર કર્યા નથી તેમને તેમના સંબંધિત ડિપોઝિટરી ભાગીદાર દ્વારા રજીસ્ટર કરવા વિનંતી કરવામાં આવે છે.
૨૭મી એજીએમની નોટીસ કંપનીની વેબસાઇટ એટલે કે **www.shareindia.com** અને સ્ટોક એક્સચેન્જીસની વેબસાઇટ જેવી કે બીએસઈ લીમીટેડની **(www.bseindia.com)** અને નેશનલ સ્ટોક એક્ષ્ચેન્જ ઓફ ઈન્ડિયા લીમીટેડની **(www.nseindia.com)** પર પણ ઉપલબ્ધ છે.
કંપની તેના સભ્યોને એજીએમની નોટીસમાં જણાવેલ કાર્યો પર ઇલેક્ટ્રોનિક રીતે તેમના મત આપવા માટે સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઇન્ડિયા) લીમીટેડ (સીડીએસએલ) દ્વારા એજીએમ પહેલા અને દરમિયાન રીમોટ ઇ-વોટીંગ સવલત આપી રહી છે. ઈ-વોટીંગ માટેની વિગતવાર પ્રક્રિયા એજીએમ નોટીસમાં જણાવી દેવામાં આવી છે. સભ્યો જેમના ઈ-મેઈલ આઈડી કંપની/ડિપોઝીટરીઝ પાસે નોંધાયેલા નથી તેઓ ઈ વોટીંગ માટે ડિમેટ એકાઉન્ટની વિગતો (સીડીએસએલ-૧૬ આંકડાની લાભાર્થી આઈડી અથવા એનએસડીએલ-૧૬ આંકડા DPID + CLID), નામ, ક્લાઈન્ટ માસ્ટર અથવા કોન્સોલીડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટની કોપી, પાન (પાન કાર્ડની સ્વંય પ્રમાણિત સ્કેન કરેલી નકલ), આધાર, (આધાર કાર્ડની સ્વંય પ્રમાણિત સ્કેન કરેલી નકલ) અનુક્રમે **vikas_cs@shareindia.com** અથવા **bssdelhi@bigshareonline.com** જેવા કંપની અથવા આરટીએના ઈ મેઈલ આઈડીને મોકલવા દ્વારા ઈ-વોટીંગ માટે લોગ ઈન અધિકારી પત્રો મેળવી શકે છે. કંપની/આરટીએ સીડીએસએલ સાથે સંકલન કરશે અને ઉપરોક્ત ઉલ્લેખિત શેરધારકોને લોગ ઈન અધિકારપત્ર આપશે.
ઉપરોક્ત માહિતી કંપનીના તમામ સભ્યોની માહિતી અને લાભ માટે જારી કરવામાં આવી રહી છે.

શેર ઇન્ડિયા સિક્યોરિટી લીમીટેડ વતી
સહી/-
વિકાસ અગ્રવાલ
કંપની સેક્રેટરી અને કમ્પલાયન્સ અધિકારી

સ્થળ : નોઈડા
તારીખ : ૨૧.૦૮.૨૦૨૧

માણસા ઈકો કારમાં મહિલાના દાગીના લુંટી લેનાર પ્રેમી-પંખીડા ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૨

તાજેતરમાં ભાઈને રાખડી બાંધવા માટે સંતાનોને લઈને

નીકળેલી બહેનને માર મારી ઈકો કારમાં મુસાફરના સ્વાંગમાં બેઠેલી ટોળકીએ સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળી કુલ રૂ.૨.૪૨ લાખની મત્તાની લુંટ કરી હતી. આ લુંટની ઘટનાને પગલે સમગ્ર માણસા પંથકમાં હાહાકાર મચી ગઈ હતી. ત્યારે માણસા પોલીસે ગણતરીના દિવસોમાં બાતમીને પગલે પ્રેમી-પંખીડાને પકડી પાડી કુલ રૂ.૧.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ગુનાનો ભેદ ઉકેલી દીધો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિજાપુર તાલુકાના પીલવાઈ ગામ રબારી વાસ ખાતે રહેતા નીતાબેન ભરતભાઈ રબારીના પરિવારમાં પતિ તેમજ બે દિકરી અને એક દિકરો છે. રક્ષાબંધન તહેવારને પગલે બે દિવસ અગાઉ ત્રણેય બાળકો સાથે માણસા તેમના ભાઈના ઘરે જવા માટે નીકળ્યા હતા. વિજાપુર ચાર રસ્તા પાસે એક ઈકો ગાડી આવીને ઉભી રહી હતી. માણસા તરફ જવાનું હોય તો બેસી જવા કહ્યું હતું. નિતાબેન ત્રણેય સંતાનો સાથે ઈકો ગાડીમાં બેસી ગયા હતા.તે સમયે ઈકોમાં અન્ય મુસાફર તરીકે બે મહિલા અને એક પુરૂષ સહિત ડ્રાઈવર હતો. માણસા મહારાજા હોટલ પાસે ઈકો કાર આવીને ઉભી રહી હતી.ચારેય લુંટારૂઓએ નીતાબેનને કહ્યું હતુ કે તારી પાસે જે પણ દાગીના કે રૂપીયા હોય તે આપી દે નહીતર તારા દિકરાને મારી નાંખશુ. એ દરમિયાન એક શખ્સ તિક્ષ્ણ હથીયાર દેખાડીને નીતાબેન ગભરાઈ ગયા હતા અને હોહા કરવા લાગ્યા હતા.જેથી ત્રણ સંતાનોને ગાડી નીચે ઉતારી દઈને મહિલાને માર મારી સોનાના દાગીના તેમજ રોકડ રૂપીયા મળી કુલ રૂ.૨.૪૨ લાખ ની મત્તા સાથેનું પર્સ લુંટી ફરાર થઈ ગયા હતા. જયારે માણસા શહેરમાં ભર બપોરે લુંટની ઘટના બનતા જિલ્લા પોલીસ વડાએ ઘટનાને ગંભીરતા થી લેતા લુંટારૂઓને તાત્કાલીક પકડવા માટે સુચનાઓ આપી હતી. જેથી માણસા પોલીસ મથકના પીઆઈ જતીન પ્રજાપતિ એ વિવિધ ટીમો તપાસ આરંભી હતી.બાતમીને પગલે લુંટ પ્રકરણમાં ગ્રામભારતી ચોકડીથી પ્રેમીલાબેન ઉર્ફે પુજા ઉર્ફે જુલી વિનોદભાઈ ધનજીભાઈ રાઠોડ (રહે. પેથાપુર,રાંધેજા રોડ મારૂતિ શો-રૂમના ગોડાઉન પાછળ), તેમજ સાહિલ નરેશભાઈ ભંગી (રહે સેકટર-૩૦ જીટીએસ નંદા શો રૂમની પાચછ કાચા છાપરામાં) ને સોનાના દાગીના રૂ. ૯૨,૭૭૮ તેમજ રોકડા રૂપીયા ૩૫ હજાર મળી કુલ રૂપીયા ૧,૨૭,૭૭૮ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓને પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલી દીધો છે. ઉલ્લેખનીય છે કે લુંટમાં ઝડપાયેલા પ્રેમી-પંખીડા લીવઈન રીલેશનશીપમાં રહે છે.જયારે મુખ્ય સુત્રધાર હાલમાં ફરાર છે. લુંટનું સ્થાન નક્કી થયા બાદ તે આ બે પ્રેમીપંખીડાને બોલાવતો હતો અને તે ઈકો કારમાં મુસાફરના સ્વાંગમાં બેસીને ગુનાને અંજામ આપતા હતા. બનાવ અંગે પોલીસે આગળની વધુ તપાસ શરુ કરી છે.

જાખોરા કુસકોર તળાવ નજીક જુગાર રમતા ૫ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૨

ચિલોડા નજીક આવેલા જાખોરા ગામે ઈન્દીરાનગર કુસકોર તળાવ નજીક બાજી માંડીને બેઠેલા શકુનીઓ પણ ચિલોડા પોલીસ ત્રાટકી હતી. પોલીસે જોતા જ જુગારીઓમાં દોડધામ મચી હતી. ત્યારે ચિલોડા પોલીસે ૫ જુગારીઓને રૂ.૪૮૫૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે જાખોર ગામ નજીક પોલીસને બાતમી મળી હતી કે ગામના ઈન્દીરાનગર વિસ્તારમાં કુસકોર તળાવ નજીક કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧